# ગઝલ

-વીપુલ માંગરોલીયા

**.1.**

હવે એ વાત પર તારી, બધો આધાર રાખે છે,
સજાવે વાંસળી હોઠે કે તું હથીયાર રાખે છે.

જુઓ, હરખાય છે ઘડપણ ધરીને બાળપણ ખોળે,
કે સુક્કી ડાળ પણ જાણે લીલો શણગાર રાખે છે.

હજી પણ પાતળા કપડાથી સુરજને એ હંફાવે,
હજી મારી મા, પાલવ એટલો દમદાર રાખે છે.

ઉપર બેસીને કાયમ પારખાં તારે જ કરવાનાં?,
તને પડકારવાનો કવીઓ પણ અધીકાર રાખે છે.

નહીંતર સાવ અમથું પારણે મલકે નહીં બાળક,
કુણી પાંપણની અંદર એ અલગ સંસાર રાખે છે.

કરી જો દીલના ઉંડાણેથી તારી વાત ઈશ્વરને,
એ ક્યાં લોબાન કે શ્રીફળનીયે દરકાર રાખે છે !

ચમનમાં ફુલ ખીલ્યાંની ખબરથી આવ્યા ભમરાઓ,
મને લાગે છે ઉપવન પણ હવે અખબાર રાખે છે.

**.2.**

સાથે છે પણ અળગા લાગે,
માણસ વચ્ચે પડદા લાગે.

દર્પણની આદત છે ભુંડી,
અવળા છે તે સવળા લાગે.

સ્વીચોમાં મોસમ અટવાણી,
તડકાને શીતળતા લાગે.

થોડો અમથો ગોળ કરી દે,
પથ્થરને ઈશ્વરતા લાગે..

હાથ જ ક્યાં છે આ ખુરશીને ?
તો પણ એના ભરડા લાગે.

કીસ્મત જો સાથે ના હો તો,
પાણીથી પગ બળતા લાગે.

બાળકના પ્રશ્નોની સામે ,
જીભે લોચા વળતાં લાગે.

મંદીરમાં માથું અથડાયું,
લોકોને શ્રીફળતા લાગે.

પીનારા તો એમ જ કહેશે,
પીવાથી શંકરતા લાગે.

**.3.**

એના વગરની કલ્પના કાયમ નકામી હોય છે,
હર એક નારીરુપની જુદી કહાની હોય છે.

કરશે સહન અબળા બની દુનીયાના અત્યાચારને,
તો કોઈ એવી પણ હશે જે ખુદ ભવાની હોય છે.

મનમાં કરી નીશ્ચય, ને કોઈ ચાંદ પર ડગલાં ભરે,
કોયલ સરીખા કંઠથી દુનીયા ગજાવી હોય છે.

ક્યાં ખેવના છે નામની સંતાનના પણ જન્મ પર,
જ્યાં હો ‘શીવાજી’ નામ, ત્યાં ‘મા’ની ખુમારી હોય છે.

બાળકની હો સંભાળ, ચાહે ઘરની હો કે દેશની,
દેખાય ક્યાં? પડદાની પાછળ એ છુપાણી હોય છે.

બે ત્રાજવે પગ રાખશે, એ દીલ બધાનાં જીતવા,
અર્જુન બની; પણ તીરથી કાયમ ઘવાણી હોય છે.

**.4.**

હ્દયના જ સ્પંદનથી કેવો તમે પણ ઈશારો કર્યો છે,
પડી ગઈ ખબર કે અમે ત્યાં અમારો ઉતારો કર્યો છે.

હું બાજી કદી બંધ રાખી રમી ક્યાં શકું છું હજી પણ,
જરા અમથું મલકી તમે પણ અનોખો જ ધારો કર્યો છે.

નથી પાનખર પાસમાં, તોય ફુલો ખર્યાં છે વસંતે,
તમારી જ આહટ મળી એટલે તો ઈરાદો કર્યો છે.

મને શોધવાની તમે કોઈ નાકામ કોશીશ ના કરશો,
તમારાં જ રમણીય સપનાંમાં મેં રાતવાસો કર્યો છે.

હવા પણ વહે છે હવે તો વધારે સુગંધીત થઈને,
જરા અમથું પાલવને અડકી સુગંધે વધારો કર્યો છે.

તમારું પલળવું હવે તો પલાળે છે વરસાદને પણ,
તમે છત્રી ખોલીને થોડો એ ઝાંખો નજારો કર્યો છે.

**.5.**

જ્ઞાન કે વીજ્ઞાનથી પણ, એ ઘણું પર જોઈએ.
ફુલને સમજાવવા ભમરાનું ભણતર જોઈએ.

આવશે નજદીક તો નખશીખ નીહાળી ના શકો,
આ નીકટતામાં જરા અમથું તો અંતર જોઈએ.

સભ્યતા પ્રાચીન આજે પણ મળે છે દેશમાં,
આગને ભડકાવવા આજેય પથ્થર જોઈએ.

દાઝ ને ઈર્ષ્યા છે મનમાં આંખમાં ખુન્નસ ભર્યું,
ઝેર આ દુનીયાનાં પીવા, લાખ શંકર જોઈએ.

દર્દ ખાલી શબ્દથી પણ ઓછું થૈ શકશે ઘણું,
શબ્દને બસ લાગણીનું એક અસ્તર જોઈએ.

વેદના સાચી વીરહની એમ ક્યાં સમજાય છે,
એનાં માટે પાર કરવા સાત સાગર જોઈએ.

.6.

અર્જુનની આજીજી માનો, ચાલો કેશવ, પાછા ચાલો,
અશ્વોને થોડા સમજાવો, ચાલો કેશવ, પાછા ચાલો.

શ્વાન ફરે છે વાહનમાં ને સ્થાન નથી ઘરડાંને ઘરમાં,
લાગે છે કે કળીયુગ આવ્યો, ચાલો કેશવ, પાછા ચાલો.

કૌરવના કુળને લાગીતી એક જ અંધાપાની કાળપ,
ચારેકોર અહીં અંધાપો, ચાલો કેશવ, પાછા ચાલો.

એક જ મામાથી ત્યારે ભરમાયા સો ભાણા, પણ આજે;
એક દુર્યોધન સો ગાંધારો, ચાલો કેશવ, પાછા ચાલો.

ગીતાના ઉપદેશો આજે બે પાનાંની વચ્ચે દાબી,
ખોટાને પણ કરશે સાચો, ચાલો કેશવ, પાછા ચાલો.

તારા નામે યુદ્ધો લડશે, મુરત તારી ઢાલ બનાવી,
કેમ પછી હથીયાર ઉપાડો, ચાલો કેશવ, પાછા ચાલો.

બે પાસાના સંગ્રામે આ ધરતી લાલ કરી’તી તો પણ;
ઘર ઘર માંડી છે ચોપાટો, ચાલો કેશવ, પાછા ચાલો.

.7.

વણમાંગ્યા પડકાર મળે છે,
જીવન જ્યાં શરુઆત કરે છે.

આંખો થોડી ઉઘડે ત્યાં તો,
ઈચ્છાઓ અવતાર ધરે છે.

બાળકના દફતરની અંદર,
અધકચરા અરમાન જડે છે.

માણસ નામે વેપારી છે,
મ્હોરાંનો વેપાર કરે છે.

કેવી રીતે તમને મળવું ?
તમને ક્યાં વ્હેવાર ગમે છે !

કાંતો ફેંકો કાં બેસાડો,
પથ્થર થી ઈન્સાન નમે છે.

આંબા નૈ તો બાવળ વાવો,
પંખીની ત્યાં સાંજ ઢળે છે.

પુષ્પો ત્યારે સુંદર લાગે,
ઝાકળ જ્યારે નામ લખે છે.

**.8.**

અક્ષરને વળગે આંખનું કાજળ, તો સર્જાશે ગઝલ,
કાતીલ નજર બનશે જરા ચંચળ, તો સર્જાશે ગઝલ.

સૌંદર્ય ફુલોનું હમેશાં એ નીખારી જાય છે,
ભીનો કરે જો સુર્યને ઝાકળ, તો સર્જાશે ગઝલ.

રણમાં પ્રણયની આમ તો દે છે ગવાહી ઝાંઝવાં,
મળશે જો મધદરીયે કદી મૃગજળ, તો સર્જાશે ગઝલ.

મળતા રહે છે માણસો જ્યાં કોઈ સંવેદન વગર,
ભીંજાય કોઈ શબ્દથી કાગળ, તો સર્જાશે ગઝલ.

આધાર યાદોનો હશે તો જીન્દગી વીતી જશે,
સન્મુખ થતાં ભારે થશે પળ પળ, તો સર્જાશે ગઝલ.

**.9.**

કલરવ સાંજે પાછાં મળશે,
વડલાંને પણ વાચા મળશે.

બાળકની આંખો વાંચી જો,
ઈશ્વરનાં સરનામાં મળશે.

સંભાળીને શબ્દો વાપર,
એના પણ પડછાયા મળશે.

મઝધારેથી ઉગરી જાશો,
તો કાંઠા ગોઝારા મળશે.

સારો માણસ શોધી આપો,
દુર્જનનાં તો ધાડાં મળશે.

ભીંતે ટાંગો માનો ફોટો,
આજે પણ હોંકારા મળશે.

**.10.**

કૃષ્ણ જેવો કોઈ હારે જોઈએ,
આટલાંથી શું વધારે જોઈએ ?

આખું જંગલ મેં કદી ક્યાં માંગ્યું છે ?
એક ટહુકો બસ, સવારે જોઈએ.

લાગશે ના ઘર નહીંતર ઘર સમું,
એક દીકરી ઘરમાં તારે જોઈએ.

છો અલગ બેઠાં રહો એક નાવમાં,
સાથ તો સાચો કીનારે જોઈએ.

બોલશે પાદરના પાળીયાઓ પણ,
એક દાંડી બસ નગારે જોઈએ.

લાગણી સઘળી બતાવી દઉં તને;
પણ હ્રદય છાતી બહારે જોઈએ.

રાખું છું એને હથેળીમાં સદા,
બોલ ઈશ્વર, જીવ ક્યારે જોઈએ ?

## .11.

ન એનાં જેવું કો હથીયાર મળશે,
જો આ શબ્દોને થોડી ધાર મળશે.

જો જોવી હોય સપનાંઓની દુનીયા,
તો ટહુકાઓની પેલે પાર મળશે.

વસંતે હામ ખરવાની હો એવાં,
ગણીને પાંદડાં બે–ચાર મળશે.

ડુમા સઘળા બને હીબકાં પછી તો,
જો કોઈ વાત સાંભળનાર મળશે.

લગાવે કાળું ટપકું ગાલ પર મા,
જગતનો શ્રેષ્ઠતમ શૃંગાર મળશે.

હવે સંવેદના ક્યાં છે મીલનમાં ?
મળે માણસ તો બારોબાર મળશે.

આ તો 'વેદાંત', જંગલ માણસોનું
અહીં વૃક્ષોનો બસ, આકાર મળશે.

## વીપુલ માંગરોલીયા (વેદાંત)


સર્જકસમ્પર્ક :

VIPUL G. MANGROLIYA

UNIQUE PATHOLOGY LABORATORY,

211, GOPAL COMPLEX, PARVAT PATIA, SURAT-395010

Phone : +91261-234 7404 / +91 98251 32610 / +91 80000 11555

eMail : vipul_daxa@yahoo.com / vmangroliya@gmail.com

Facebook link : https://www.facebook.com/vipul26474


@@@


'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 340 – 24 January, 2016

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com


@@@


More than 3,19,09,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 53,65,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,15,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 2,49,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com


@@@@@@@@@